# -: બરકતે બિસ્મિલ્લાહ :-

બિસ્મિલ્લાહની ખાસીયત અને એની હર ચીઝને ઈબ્તેદા કરતા પહેલા તિલાવત કરવામાં રહેલી બરકત બતાવતાં અમીરૂલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) એ ફરમાવું કે, "કોઈ શખ્સ "બિસ્મિલ્લા હિર્રહમા નિર્રહીમ" બોલીને જમન જમશે તો મેં ઝામિન થાઉં છું કે, એ જમન જમવાથી એને કોઈ તકલીફ નહીં થાય." આ વાત સાંભલીને ઈબ્નુલ કવ્વા (જે મુનાફિક હતો) બોલો કે, ગઈ રાતે મેં બિસ્મિલ્લાહ બોલીને જમન જમું હતું પણ સવાર થાતા જ મને પેટમાં સખત તકલીફ થઈ, બેચૈની થઈ. હઝરત અલી (અ.સ.) એ જવાબ દીધો કે, "તુએ ઘણી તરહની ચીઝો ખાધી હશે અને હરેક ચીઝ જમતા પહેલા તુએ બિસ્મિલ્લાહ નહીં બોલી હોય !" ઈબ્નુલ કવ્વા બોલો, હાઁ ! એ જ હકીકત છે. આપે ફરમાવું કે, " જે કિસ્મના જમન પર તુએ બિસ્મિલ્લાહ નહી બોલી હોય તે જમનથી જ તુને પેટમાં બેચૈની થઈ છે." ★